Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ‘સત્યના પ્રયોગો’ આત્મકથા એક અભ્યાસ

**પ્રા. ડૉ.દક્ષા કે. જોષી**
શ્રી ટી.એમ.શાહ મહિલા આર્ટ્સ કોલેજ, ઇડર.

‘સત્યના પ્રયોગો’ પુસ્તક ગાંધીજીએ પોતાના જીવનમાં કરેલા પ્રયોગો અને મેળવેલા અનુભવો વિષે લખેલી કથા છે. જેમાં તેમના બાળપણથી લઇને ૧૯૨૦ સુધીની જિંદગીને પ્રયોગો સ્વરૂપે વર્ણવી છે. આત્મનિરીક્ષણ અને આત્મપરીક્ષણની બેવડી ધારે ચાલતું નિરૂપણ, નિર્વ્યાજ સરળતા અને સહૃદયતાથી ઉઘડતી જતી વાત, વિનોદ અને નર્મવૃત્તિનો વિવેકપુરસ્સર વિનિયોગ, સુરુચિની સીમાને ક્યારેય ન અતિક્રમતી અભિવ્યક્તિ - આ બધા વડે શ્રેષ્ઠ આત્મકથાનો આદર્શ અહીં સ્થાપિત થયો છે. ઉત્તમ ‘આત્મકથા’ઓમાં આનું સ્થાન મોખરે છે. તેમની આ આત્મકથા સાહિત્યની દષ્ટિએ વિશેષ મહત્વની છે. ગુજરાતી આત્મકથાના સ્વરૂપઘડતરમાં ‘સત્યના પ્રયોગો’નો ફાળો ઘણો મૂલ્યવાન છે. ઈ.સ. 1926માં ‘સત્યના પ્રયોગો’ બહાર પડ્યું ત્યારે નર્મદ કે મણીલાલના આત્મચરિત્રો પ્રગટ થયેલા નહોતા. દુર્ગારામ, નારાયણ, હેમચંદ્ર અને ભાઈશંકર તથા નાનાભાઈનાં આત્મચરિત્રો હતાં ખરાં, પણ તે અધકચરાં હોઇ ઘણુંખરું ભૂલાઇ ગયેલાં હતાં. એટલે ગુજરાતને શ્રેષ્ઠ આત્મકથાનો આદર્શ સૌપ્રથમ ગાંધીજીની આત્મકથાએ આપ્યો એમ કહી શકાય.

આત્મચરિત્રકાર તરીકે ગાંધીજીનો સૌથી મોટો ગુણ નિર્ભીક સત્યકથન છે. પુરોગામીઓના કરતાં તેમની સત્યભક્તિ અનેકગણી દ્રઢ અને ઊંડી છે. સત્યને વિકૃત કરવાનો કે ઢાંકવાનો કે તેનું અપૂર્ણ યા એકાંગી દર્શન કરાવવાનો અપરાધ અજાણપણે પણ ન થઈ જાય એની તકેદારી એમને જેટલી રાખી છે તેટલી ગુજરાતના તો શું, દુનિયાના બીજા કોઈ આત્મકથાકારે પણ રાખી હશે કે કેમ એ પ્રશ્ન છે. નિજકથા કહેતાં પોતાના દોષો અને વિકારોનું નિર્દય તટસ્થતાપૂર્વક આલેખન કરીને આત્મમંથન અનુભવવામાં અને છેવટે આત્મનિર્ભર્ત્સના દ્વારા પશ્ચાતાપની ઉગ્ર પાવકજ્વાલાનું પાન કરવામાં ગાંધીજીએ દાખવેલું સામર્થ્ય અપૂર્વ છે. તેમની આ સફળતાની ચાવી પોતે સહજપણે આત્મસાત્ કરેલી વિનમ્રતા છે સત્યને આંચ પહોંચાડ્યા વગર સમસ્ત જીવનવસ્તુમાંથી પોતે કરેલ સત્યના પ્રયોગોને જ રજૂ કરવાના તેમના ઉદ્દેશને માફક આવે તેવા પ્રસંગો પસંદ કરવાની ગાંધીજીની વિવેકબુધ્ધિ દરેક ચરિત્રકારને પ્રેરણા લેવા જેવી છે. સુરુચિનો ભંગ કર્યા વિના સત્ય ઉચ્ચારણ કરવાની જે કુશળતા ગાંધીજીની સંયમશીલ લેખિનીમાં છે તે નથી નર્મદમાં કે નથી મણીલાલમાં. તત્વત: સત્ય કલાથી વિમુખ હોતું નથી તેની સચોટ પ્રતીતિ ‘સત્યના પ્રયોગો’ વાંચતા થાય છે. આત્મકથા એટલે સત્ય સ્વરૂપ પરમાત્માનું દર્શન કરવા ઝંખતા માનવ આત્માની વિકાસયાત્રાની પ્રમાણભૂત રસકથા એવી વિશાળ પૌરસ્ત્ય દ્રષ્ટિએ ઘડેલી નવીન વ્યાખ્યાને ગાંધીજીના આ ‘સત્ય ના પ્રયોગો’ સર્વથા ચરિતાર્થ કરી બતાવે છે. આ આંતરિક ગુણસંપત્તિને કારણે તો તે ભારતની જ નહિ, દુનિયાભરની શ્રેષ્ઠ આત્મકથાઓમાં સ્થાન પામી છે. પુસ્તકનું વૈકલ્પિક શીર્ષક ‘આત્મકથા’ છે. પરંતુ હકીકતમાં તે પ્રચલિત પ્રકારની આત્મકથા નથી. ગાંધીજીના જીવનની અનેક આશા-નિરાશાઓ, એમના હ્રદયના આંતરિક સંઘર્ષો, એમના બૌધ્ધિક મનોમંથનો જેના પરિણામે તેઓ ‘સુધારક’ અને સામ્રાજ્યભક્ત મટી ‘હિંદ સ્વરાજ’ના દ્રષ્ટા બન્યા, એમનો પ્રકૃતિપ્રેમ ને એમની ભારતભક્તિ,- ગાંધીજીના જીવનનાં આ અને આવાં બીજાં પાસાંઓ વિષે ‘અક્ષરદેહ’ના ગ્રંથોમાંથી જે વિપુલ સામગ્રી મળે છે તેની ‘સત્યના પ્રયોગો’માં માત્ર ઝાંખી જ થાય છે. વળી જે ‘વિશુધ્ધ સત્યની’ દૂરદૂરથી ઝાંખી કરી રહ્યા હોવાનો ગાંધીજી પ્રસ્તાવનામાં ઉલ્લેખ

કરે છે તેનું પણ તેમણે ક્યાંય વર્ણન કર્યું નથી, કારણ કે, એવી અનુભવક્ષણો આત્મા જ જાણે છે, આત્મામાં જ શમી જાય છે'. આ સર્વ સામગ્રીનો સમાવેશ કરીને ગાંધીજીએ ખરેખરી આત્મકથા લખી હોત તો તે મનોવૈજ્ઞાનિક દ્રષ્ટિએ એક ઐતિહાસિક કૃતિ બની હોત. પ્રેમાબહેન કંટકને લખેલા એક પત્રમાં તેઓ કહે છે: "યંગ ઇન્ડિયાનો લેખક એક; આશ્રમમાં સહુના પરિચયમાં આવનાર બીજો. 'સત્યના પ્રયોગો' એ બીજી વ્યક્તિની જીવનકથા નથી પણ 'યંગ ઇન્ડિયા'ના લેખકની વિકાસકથા છે. આ ભેદ સમજાવતાં ગાંધીજીએ પોતે જ પ્રસ્તાવનામાં કહી દીધું છે : "પણ મારે આત્મકથા ક્યાં લખવી છે ? મારે તો આત્મકથાને બહાને સત્યના મેં જે અનેક પ્રયોગો કરેલા છે તેની ક્થા લખવી છે, જેમાંથી બીજા પ્રયોગો કરનારાઓને માટે કંઇક સામગ્રી મળે." 'સત્યના પ્રયોગો'નો આ બોધલક્ષી હેતુ રહ્યો હોવા છતાં તે એક ચિરંજીવ સાહિત્ય કૃતિ બની છે. પ્રકરણો લખાઈ રહ્યાં હતાં તે સમજાવતાં ગાંધીજી લખે છે : "જ્યારે કથા લખવાનો આરંભ કર્યો ત્યારે મારી પાસે કશી યોજના તૈયાર નહોતી. લખવાને દિવસે જેમ મને અંતર્યામી દોરે છે તેમ લખું છું એમ કહી શકાય." જાણે કોઇ નવલકથાકાર એણે લખવા ધારેલી નવલકથાના વિષયવસ્તુને જુએ તેમ એમના પ્રયોગોની કથાને આદિથી અંત સુધી એક સળંગ વિકાસપ્રક્રિયા રૂપે જોઇ અને નિરૂપી છે. એમાં ખાનગી અને જાહેર જીવનના પ્રસંગો, ખોરાકના પ્રસંગો, સેવાભાવના, ત્યાગવૃત્તિ અને બ્રહ્મચર્યવ્રત દ્વારા ગાંધીજીના જીવનમાં આવતું ક્રમશ: પરિવર્તન, કેળવણીના પ્રયોગો તથા ધાર્મિક વાંચન, ચિંતન એમ ભિન્ન ભિન્ન તંતુઓ વણાય છે. એ સર્વને લગતાં પ્રકરણોનો ક્રમ એવી રીતે ગોઠવાયો છે કે દરેક કથાતંતુનું સાતત્ય જળવાઈ રહે છે, વળી, વ્યક્તિની વિકાસપ્રક્રિયા અનુભવને ચિંતનની સાંકળ પરંપરારૂપે ચાલે છે, ગાંધીજીએ 'સત્યનાપ્રયોગો 'માં એવી સાંકળપરંપરા રચીને જ વાત કરેલી છે. એથી એકવિધતા અને નિરસતાને તક મળી નથી અને યથાર્થતા પૂરેપૂરી સચવાઇ છે. દરેક પ્રકરણને તેમણે ટૂંકીવાર્તા કે નિબંધનો ઘાટ આપ્યો છે અને તેને કથાનો એક સાવ સ્વતંત્ર ઘટક બનાવ્યો છે.

ગાંધીજીની વર્ણનશૈલી કવિત્વસૂચક છે. પ્રસંગો અને અનુભવ ક્ષણોને તાદૃશ કરી બતાવવાની એમની શક્તિની સાક્ષી પૂરતી વિપુલ સામગ્રી એમના લખાણોમાં પડી છે. 'આત્મકથા'ના શરૂઆતના પ્રકરણોમાં આવતું બાળપણ અને કિશોરાવસ્થાનું ચિત્ર ઉંચી કોટિની સર્જકતાનું ફળ છે. કવિ કલ્પનાનો એવો મુક્તવિહાર તે જ ગાંધીજીનો અદ્રષ્ટઅંતર્યામી. એને વશ વર્તીને એમણે 'સત્યના પ્રયોગો'ની કથા લખી હતી અને એને જ વશ વર્તીને એમણે એ કથા જીવી હતી.

'સત્યના પ્રયોગો'માં ગાંધીજીએ વાચકને જે નિરહંભાવની ઝાંખી કરાવી છે તેની પ્રેરણા એમને ભગવદ્દ્ગીતાના અભ્યાસ ને મનન-ચિંતનમાંથી મળી હતી. અસહકારના આંદોલનની નિષ્ફળતાના અનુભવ પછી નિષ્કામ કર્મભાવનાનું ખરું રહસ્ય તેમણે પ્રગટ થવા માંડ્યું હતું.

સત્યાગ્રહના શસ્ત્ર દ્વારા એમણે અહિંસાને પોતાના જીવનમાં ઉતારી બતાવી. પોતે જે વિચારતા હતા તે જ પ્રમાણે વર્તતા હતા, વર્તન વચ્ચેની આ અભિન્નતા એમને મહાન બનાવે છે. ચોરી, જૂથ,સ્ખલન, કંપન, ભીરુતા, માંસાહાર, શરમ આદિ સામાન્ય અવગુણોની સાથોસાથ અહીં મહાન માનવીના અસામાન્ય ગુણોનું ગૌરવ પણ નીરખવા મળે છે. આ આત્મકથામાં ગાંધીજીએ વર્ણવેલા અનુભવો થકી તેમના વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવું હોય તો અઘરું છે, એમનું વ્યક્તિત્વ એટલું વિરાટ છે. પરંતુ વિચાર, વાણી અને વર્તનનો ત્રિવેણીસંગમ એની એકરૂપતા ગાંધીજીની જીવનદષ્ટિને તથા તેમના સત્યના પાલનને કે આગ્રહને સમજવા સારું અગત્યની ચાવી બની રહે છે. ઉપવાસ, બ્રહ્મચર્ય અને ખોરાક અંગેના એમના પ્રયોગો એ વાતની પ્રતીતિ કરાવે છે કે "સત્યનું કાવ્ય અને કાવ્યનું સત્ય એ જ ગાંધીજીવન." ગાંધીજીએ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' આત્મકથારૂપે નથી લખ્યો, છતાં પોતાના આત્મવિકાસની દ્રષ્ટિએ પણ એમને

એ અનુભવોનું મહત્વ હતું. દક્ષિણ આફ્રિકામાં તેઓ "સ્વાર્થને બદલે સેવાધર્મનો પાઠ" શીખ્યા. જે જીવનસાધનાએ ગાંધીજીને ભારતમાં 'મહાત્મા' બનાવ્યા તેનો દ્રઢ પાયો દક્ષિણ આફ્રિકામાં નખાયો અને તેથી

ઉપસંહારમાં તેઓ લખે છે : "જ્યાં મારા પોતાના જીવનનું નિશાન જોઈ શક્યો તે દેશને છોડવાનું મને બહું દોહ્યલું લાગ્યું અને દિલગીર થયો."

આત્મકથાના અંતે તેઓ વિનમ્રતાથી જણાવે છે કે, "મારી સત્યની ઝાંખી હજારો સૂરજને એકઠા કરીએ તો પણ જે સત્યરૂપી તેજનું પૂરું માપ ન મળી શકે એવા સૂરજના એક કિરણ દર્શનરૂપ છે."(સ.પ્ર. પૃ.૨૯) આત્મકથાની દ્રષ્ટિએ 'સત્યના પ્રયોગો'નું મૂલ્યાંકન કરીએ તો આ ગુજરાતી ભાષાની જ નહિ, પણ જગત સાહિત્યની ઉત્તમ ગણાતી આત્મકથાઓમાં ટકી શકે - નભી શકે એવી સુંદર આત્મકથા બનવા પામી છે. પરંતુ ગાંધીજી તો એને આત્મકથા પછી કહે છે, એમને મન તો આ બધા સત્યના પ્રયોગો છે છતાંય સિદ્ધાંતોનું રસદર્શન નથી. સત્યને આચરણમાં ઉતારવા જતાં કેટકેટલી કઠિનાઈઓનો સામનો કરવો પડે છે એની ઉત્તમ પ્રતીતિ આ આત્મકથા કરાવે છે. સત્યની ખોજ એ એમનું લક્ષ્ય છે. બુદ્ધિ અને આત્મા બન્નેની કસોટીએ એમને સત્યને કસી જોયું છે. અલબત્ત, આખી આત્મકથાના અભ્યાસ પછી ક્યારેક આપણને કોઈક કોઈક જગ્યાએ એવું લાગે છે કે ગાંધીજી એક કુશળ જીવનકલાકાર હતા એ નિ:શંક કહી શકાય. શ્રી સુરેશ જોષી નોંધે છે, 'સ્વપ્ન અને સિદ્ધિ વચ્ચેનો સેતુબંધ બાંધનાર આ અભિનવ રામ અપ્રતિરથ યોદ્ધો હતો,' શ્રી કાલેલકરે પણ કહ્યું છે, 'ગાંધીજીની આ આત્મકથા 'સત્યના પ્રયોગોનું બયાન વિશ્વસાહિત્યમાં પોતાનું સ્થાન લઇ ચૂક્યું છે.' " મારે આત્મકથા ક્યાં લખવી છે" આવા સ્પષ્ટ ઉદ્દેશ સાથે આ 'સત્યના પ્રયોગો'ની ગાંધીજીએ રચના કરી છે તેમાં લેખક તરીકે ગાંધીજી સર્વથા સફળ રહ્યા છે.

<u>સંદર્ભ ગ્રંથો</u>


1. **ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ**
   પ્ર. - ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ
   સં. - ઉમાશંકર જોષી,અનંતરાય રાવળ, યશવંત શુક્લ
   પ્રથમ આવૃત્તિ : 1981
2. **અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા**
   પ્ર. - ધી પોપ્યુલર બુક સ્ટોર, સૂરત
   લે. - ડૉ. ધીરુભાઇ ઠાકર, મોડાસા(સા.કાં.)
   પ્રથમ આવૃત્તિ : 1956, બીજી આવૃત્તિ : 1957, ત્રીજી આવૃત્તિ : 1960
4. **મારું જીવન એ જ મારી વાણી** -
   પ્રથમ, દ્વિતીય ખંડ, પ્રથમ આવૃત્તિ, ઓક્ટોબર ૨૦૦૩.
   લે. - નારાયણ દેસાઈ
   મુ./પ્ર. - જીતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ નવજીવન મુદ્રણાલય, અમદાવાદ - ૩૮૦૦૧૪
5. **'ગાંધીજ્ઞાનકોષ'**
   રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનો સનાતન સંદેશ
   સત્યના પ્રયોગોની માર્ગદર્શિકા
   સં. – ચંદુલાલ બહેચરલાલ પટેલ (ગોંડલ રાજ્યના વિદ્યાધિકારી, વિશિષ્ઠ કોષાધ્યક્ષ, સૌરાષ્ટ્ર સરકાર )
   પ્ર. – પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ